<u>ફોજદારી પરચુરણ અરજી નં. ૪૩/૨૦૨૬</u>

<u>અરજદારો (૧) પટેલ હરીકૃષ્ણ રમણભાઈ, (૨) સંદિપકુમાર કાન્તીભાઈ પટેલ (૩) જયદિપભાઈ ભરતભાઈ પટેલ (૪) ચિરાગભાઈ ડાહ્યાભાઈ પટેલ (૫) પરેશભાઈ રાવચંદભાઈ પટેલ તમામ રહે. તેનપુર, તા. બાયડ, જી. અરવલ્લી નાઓની પાસપોર્ટ પરત આપવાની અરજી લગત હુકમ.</u>

(૧) અરજી, વંચાણે લીધી, અરજદાર તર્ફે વિ.વ. શ્રી એમ.એચ. પટેલ ની દલીલ સાંભળી, વિ. એ.જી.પી. શ્રી ટી. કે. રાઠોડની દલીલો સાંભળી, રજુ દસ્તાવેજો અને કેસ ના કાગળો વંચાણે લીધા.

(૨) અરજદારો દવારા હાલની આ અરજી આપી તેઓ આંબલીયારા પો.સ્ટે. ગુ. રજી. નં. ફ. ૨૫/૨૦૧૮ ના કામે ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ મોડાસા, જી. અરવલ્લી ખાતે નોધાયેલ સેશન્સ કેસ નં. ૮૪/૨૦૧૯ ના કામે મુળ આરોપી હોય અને તેઓ સામેનો આ કેસ તા. ૦૯/૦૭/૨૦૨૫ ના રોજ પુર્ણ થયેલ હોવાની અને આ કામે તમામ આરોપીઓને નીર્દોષ જાહેર કરવામા આવેલ અને ત્યારબાદ સદર હુકમ સામે કોઈ અપીલ થયેલ ન હોવાની વિગત જણાવેલ છે. વધુમા, અરજદારો ના પાસપોર્ટ સદર ગુનાના કામે અગાઉ થયેલ હુકમ મુજબ અત્રેની અદાલતના નાઝર શ્રી ની સેઈફ કસ્ટડીમા જમા લીધેલ હોવાની અને અરજદારોના સદર પાસપોર્ટ અંગે સેશન્સ કેસ નં. ૮૪/૨૦૧૯ ના કામે તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ જાહેર કરેલ ચુકાદમા કોઈ હુકમ ન હોય જેથી સદર પાસપોર્ટ અરજદારને પરત મળી શકેલ ન હોય તે પાસપોર્ટ અંગે યોગ્ય હુકમ કરી પરત મેળવવા માટે હાલની આ અરજી કરેલ હોય જેથી યોગ્ય હુકમ કરી અરજદાર નો પાસપોર્ટ પરત કરવા અરજ ગુજારેલ છે.

(૩) સદર પાસપોર્ટ અંગે ખરાઈ કરતા અરજાદરોના પાસપોર્ટ અત્રેની અદાલતમા જમા લીધેલ હોવાનુ જણાય આવેલ છે. આ કામે સેશન્સ કેસ નં. ૮૪/૨૦૧૯ ના કામે તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ ચુકાદો જાહેર કરી આ કામના આરોપીઓને નીદોર્ષ ઠરાવવામા આવેલ છે. વધુમા, આ અરજીના કામે વિ. એ.જી. પી. શ્રી ટી. કે. રાઠોડનાઓ દવારા સેશન્સ કેસ નં. ૮૪/૨૦૧૯ ના કામે તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજના નામ. સેશન્સ કોર્ટના હુકમ સામે કોઈ અપીલ કરવામા આવેલ ન હોવાનુ સ્વિકારેલ છે ત્યારે સદર કામે આરોપીઓ સામે નોધાયેલ ગુના ની ટ્રાયલ પુર્ણ થયેલ હોવાનુ જણાય આવે છે ત્યારે આ કામે અરજદારો દવારા માંગણી કરવામા આવેલ અરજદાર આરોપીઓના પાસપોર્ટ જે અત્રેની અદાલતના નાઝર શ્રી ની સેઈફ કસ્ટડીમા જમા લીધેલ છે તે પરત કરવા ન્યાયોચીત જણાય આવે છે. સબબ નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

-:: <u>હુકમ</u> ::-

આથી હાલની આ અરજી મંજુર કરવામાં આવે છે.

અરજદારો ના પાસપોર્ટ અત્રેની અદાલતના નાઝર શ્રી ની સેઈફ કસ્ટડીમા જમા લીધેલ છે તે અરજદારોને નીચેની શરતોએ પરત કરવાનો હુકમ કરવામા આવે છે.

**: શરતો:**

૧) અરજદારોએ સદર પાસપોર્ટ મળયા બદલની પંહોચ રજુ કરવી.

૨) અરજદારોએ પોતાના રહેણાકના આધાર તથા સંપર્ક નંબર પુરસીશથી જાહેર કરવાના રહેશે.

૩) અરજદારે સદર પાસપોર્ટ પરત મેળવ્યા બાદ તે ભવીષ્યમા જરૂર પડે તો પાસપોર્ટ રજુ કરવામા આવશે તે મતલબની પુરસીશ અત્રેની કોર્ટમા જાહેર કરવી.

આ હુકમ આજરોજ તારીખ ૦૯ મી માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯-૦૪-૨૦૨૬
બાયડ

( વિજય ચંદુલાલ મકવાણા )
એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
બાયડ
કોડ નં. જી.જે.૦૦૯૯૭